## Recitation of Ana(n)t Akhādo over 40 days

### Day 17

આશાજી દુનીયામાંહે જીવ અવતર્યા, તે માયામાં બંધાણા જીવ ભુલા જાયંજી;
પેટ કારણ કુડ કમાવે, તે જાશે નરગ દુઆર. હરી૦ (૨૦૧)

આશાજી જીવને કારણ અવતારજ લીધા, લીધા તે ચારે જુગજી;
જીવને કારણ નરજી આવ્યા, ગુરને લાવ્યા સાથ. હરી૦ (૨૦૨)

આશાજી છત્રીસ જુગ ગુરે બંદગી કીધી. નરને ખરા કરી માન્યાજી;
ફરમાન થકી એ ફલજ પાયા, તે બેઠા નરને પાસ. હરી. (૨૦૩)

આશાજી નરને ગુર તો એક કરી જાણો, નહી હે દુજા કોઇજી;
તપ કારણ ગુર બ્રહ્માજી આવ્યા, તે આવ્યા જુગમાંહે જાણ.
હરી૦ (૨૦૪)

આશાજી તપ કરી ગુરે નરને બેસાડયા, બેસાડયા તે માનખા અવતારજી;
કોલ લઇ ગુરે મોમન કીધા, કીધા તે સરગ દુઆર. હરી૦ (૨૦૫)

આશાજી મોમન તે જે મનને મારે, જાવે તે સરગ દુઆરજી;
નમતા ખમતા ગુરજીસું રાખો, તો પોહોંચો સરગ દુઆર.
હરી૦ (૨૦૬)

આશાજી ચંદ્ર સુરજ સાહેબે સીરજ્યા, જોત દીઆ રહેમાનજી;
પીરશાહનું રૂપ તેજ પિછાણો, કરો તે દિલમાંહે જાણ. હરી. (૨૦૭)

# Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 17 (continued)

આશાજી અમેજ નાંના ઘરમાંહે રહેતા, ગુર મોટા ત્યાંથી ચાલ્યાજી;
હમ હમારા તપ માંહે બેઠા, મહેર કરો મોરા સામી. જીવ. (૨૦૮)

આશાજી બાલક બોલ નાના બોલે, રહેવે તે ઘેર દુઆરજી;
ગુર મોટા તે દુઆરજ પોતા, પોંતા તે જઈ નીરવાણ. હરી. (૨૦૯)

આશાજી આગલ જાતાં મારગ ન પાયા, રહ્યા તે કહેકની બહારજી;
સરવે જુમલા ત્યાં કને રહ્યા, રહ્યા તે કહેકની બહાર. હરી. (૨૧૦)

આશાજી છ માસ લગણ તપજ કીધા, તીયાં લગણ પાગ બનાઈજી;
ગજ ગજ પ્રમાણે સફાયતજ લખ્યા, લખ્યા તે શાહને ફરમાન.
હરી. (૨૧૧)

આશાજી મહેર કરી તમે અંણુતને લાવ્યા, અને લાવ્યા તેં આપણે
હજુરજી;
અણુતકો વર તારે અમને આલ્યો, આલ્યો તે દેવ મોરાર. હરી. (૨૧૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)